શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# સમગ્ર શિક્ષા

શિક્ષણ સમિતિ, ખેડા જિલ્લા પંચાયત,
પવન ચક્કી રોડ, નડીઆદ—૩૮૭૦૦૨
ફોન નં. (૦૨૬૮) ૨૫૫૫૨૮૨
e-mail : dpckheda@gmail.com

HELP LINE NO. 1800-233-2416

ક્રમાંક:એસએસએ/QEM/૨૦૨૦/ર૭૯-૫૭-૮૬૩ તા.૦૨/૧૨/૨૦૨૦

પ્રતિ,

(૧) શિક્ષણ નિરિક્ષકશ્રી અને મદદનીશ શિક્ષણ નિરિક્ષકશ્રી , તમામ જી.ખેડા

(૨) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જી.ખેડા

(૨) બીઆરસી કો.ઓર્ડીનેટરશ્રી, તમામ જી.ખેડા

વિષય:- ફીટ ઈન્ડીયા મુવમેન્ટ અંતર્ગત : ફીટ ઈન્ડીયા સ્કુલ વીક, ફીટ ઈન્ડીયા ક્વીઝની ઉજવણી અને ફીટ ઈન્ડીયા થીમેટીક કેમ્પેઈન- "ફીટનેસ કા ડોઝ-આધા ઘંટા રોજ" અંતર્ગત ફીટ ઈન્ડીયા એપ મારફતે ફીટનેસ એસેસમેન્ટમાં જોડાવા બાબત.

સંદર્ભ:- માન.સચિવ અને ઓઆઈસી ક્વોલીટી એજ્યુકેશન એન્ડ મોનીટરીંગ, એસએસએ, ગાંધીનગરના પત્રક્રમાંક:એસએસએ/ક્યુઈએમ/૨૦૨૦/૩૯૪૯૧-૫૫૯ તા.૨૬/૧૧/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનુંકે, ભારત સરકારના રમત-ગમત મંત્રાલય દ્વારા ડીસેમ્બર-૨૦૧૭ થી રાષ્ટ્રીય કાર્યક્રમ "ખેલો ઈન્ડીયા" શરૂ કરવામાં આવેલ છે. "શારીરિક તંદુરસ્તી એ જીવનનું અત્યંત અગત્યનું પાસું છે.", આ બાબતને ધ્યાને લઈ માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૨૯ ઓગષ્ટ, ૨૦૧૯ ના રોજ " ફીટ ઈન્ડીયા" અભિયાન શરૂ કરવામાં આવેલ છે. શારીરિક પ્રવૃતિઓ/કસરત એ લોકોની જીવનશૈલીનો ભાગ બને એ તેનો ઉદ્દેશ્ય છે. " ફીટ ઈન્ડીયા" અભિયાન એ ત્યારે જ સફળ બની શકશે જ્યારે તે જનસમુદાયનું અભિયાન બને. આપણે તેમાં ઉત્પ્રેરક/પ્રોત્સાહકની ભૂમિકા નિભાવવાની છે.

ફીટ ઈન્ડીયા મુવમેન્ટ અને ફીટનેસને પ્રમોટ કરવા માટે ભારત સરકારના યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલય દ્વારા ડીસેમ્બર-૨૦૨૦ દરમિયાન વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવેલ છે.

" ફીટ ઈન્ડીયા સ્કૂલ વીક" ના બીજા તબક્કાની ઉજવણી ડીસેમ્બર - ૨૦૨૦ માં કરવામાં આવનાર છે, જેની ઉજવણી માટેની સંભવિત પ્રવૃતિઓ આ સાથે સામેલ પત્ર સાથે બીડાણમાં આપેલ છે. જે ધ્યાને લેવાનો રહેશે.

ઉપરોક્ત બાબતો અને આ સાથે સામેલ સંદર્ભદર્શિત પતેની વિગતોને ધ્યાને લઈ આપના તાલુકાની તમામ શાળાઓ ફીટ ઈન્ડીયા સ્કૂલ વીક, ફીટ ઈન્ડીયા ક્વીઝની ઉજવણી કરે, તેમજ ફીટ ઈન્ડીયા થીમેટીક કેમ્પેઈન- "ફીટનેસ કા ડોઝ-આધા ઘંટા રોજ" અંતર્ગત ફીટ ઈન્ડીયા એપ મારફતે ફીટનેસ એસેસમેન્ટમાં જોડાય તે માટેની આવશ્યક સૂચનાઓ આપવાની રહેશે તેમજ જરૂરી મોનીટરીંગ કરવાનું રહેશે.

ડીસેમ્બર-૨૦૨૦ દરમિયાન થનાર ફીટ ઈન્ડીયા સ્કૂલ વીક, ફીટ ઈન્ડીયા ક્વીઝની ઉજવણી અને ફીટ ઈન્ડીયા એસેસમેન્ટ અંગેના ફોટોગ્રાફ સહીતનો તાલુકા કક્ષાનો એકંદર અહેવાલ તૈયાર કરી અત્રે ઈમેલથી મોકલી આપવાનો રહેશે.

જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડીનેટર
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ

જિલ્લા શિક્ષણાધિકારી
ખેડા જિલ્લો નડીઆદ

નકલ સવિનય રવાના:

માન. માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્રશિક્ષા, ગાંધીનગર તરફ જાણ સારૂ.